Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## પરિપત્ર

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોમાં ચાલતા અનુસ્નાતક અભ્યાસના કાર્યભારના મુલાકાતી શિક્ષકોના મહેન્તાણા અને કાર્યભારની ફાળવણી સંદર્ભમાં યુનિવર્સિટીના અધિકાર મંડળ દ્વારા નીચે મુજબ ઠરાવેલ છે, જેનો અમલ ઠરાવ્યા તારીખ કે તે બાદથી કરવામાં આવેલ કાર્યભાર માટે કરવામાં આવશે.

૧: યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રમાં મુલાકાતી પ્રાધ્યાપકોના કાર્યભારનું મહેન્તાણું નાણા સમિતિની તા. ૨–૬–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક (૧૭) થી સિન્ડીકેટને કરેલ નીચે મુજબની ભલામણને સિન્ડીકેટની તા. ૯–૬–૨૦૨૧ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૪૭)થી યથાવત મંજુર કરેલ છે.

: : યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ / સ્વનિર્ભર કોલેજના પી. જી. સેન્ટરોમાં પીજી માન્યતા ધરાવનારા મુલાકાતી પ્રાધ્યાપકોને એક તાસ દીઠ રૂા. ૩૦૦/– ના સ્થાને રૂા. ૪૦૦/– મહેનતાણું ચૂકવવાનું સિન્ડીકેટને ભલામણ કરવામાં આવે છે. : :

૨: યુનિવર્સિટી સંલગ્ન સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોના યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રોમાં શૈક્ષણિક કાર્યભાર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૫/૨૬–૬–૨૦૨૧ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૬૮) અન્વયે યોગ્યતા ધરાવતા શિક્ષકો પ્રાપ્ત ન હોય તેવા સંજોગોમાં નીચે મુજબના અનુસ્નાતક ડીગ્રી ધારકો કે સંશોધનાર્થીઓને અનુસ્નાતક શૈક્ષણિક કાર્યભારની ફાળવણી કરવા ઠરાવેલ છે જેનો ઠરાવ્યાનુસાર અમલ કરવાની જાણ કરવામાં આવે છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન સરકારી તથા ગ્રાન્ટેડ કોલેજોના પી.જી. સેન્ટરોમાં યુનિવર્સિટીના અનુસ્નાતક શિક્ષક બનવાની યોગ્યતા ધરાવતા શિક્ષકો પ્રાપ્ત ન હોય તેવા સંજોગોમાં નેટ/સ્લેટ/ પીએચ.ડી. / પીએચ.ડી. સ્કોલર/અનુસ્નાતક કક્ષાએ ૫૫% કે તેથી વધુ ગુણ ધરાવનાર,અનુસ્નાતક કેન્દ્રો પર શૈક્ષણિક કાર્ય કરાવી શકશે. આ માટે જે તે અનુસ્નાતક કેન્દ્રએ સબંધિત વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી પાસે મંજૂર કરાવેલ યાદી યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા નિર્ધારીત કરેલ મહેનતાણું ચૂકવવામાં આવશે. નેટ / સ્લેટ / પીએચ.ડી. / પીએચ.ડી. સ્કોલર અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ કાર્ય કરવા માટે અગ્રીમ પ્રાથમિકતા આપવાની રહેશે.

અનુસ્નાતક કાર્યભાર સંબધિત તા.૧૭–૯–૨૦૨૦ના પરિપત્ર ક્રમાંક : પીજી / અનુ. કાર્યભાર / ૮૦૨૧ / ૨૦૨૦ મુજબજ અનુસ્નાતક કાર્યભારની ફાળવણી કરવાની યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી / પ્રોફેસર ઈન ચાર્જશ્રીની આથી જાણ કરવામાં આવે છે.

ક્રમાંક : પીજી / અનુ. કાર્યભાર મહેન્તાણું / ૯૩૧૮ / ૨૦૨૧
તા. ૨–૭–૨૦૨૧.

ઈ. ચા. કુલસચિવ

પ્રતિ,
(૧) વિવિધ વિદ્યાશાખાના ડીનશ્રી,
(૨) સંલગ્ન કોલેજોમાં ચાલતા યુનિવર્સિટી અનુસ્નાતક કેન્દ્રના આચાર્યશ્રી / પ્રોફેસર ઈન ચાર્જશ્રી,
નકલ સવિનય રવાના :
ઈ. ચા. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબી વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

Scanned with CamScanner